"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૩૧/૦૮/૨૦૧૫

તંત્રી શ્રી ____________________ સુરત

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

રાકેશ જૈન, મંત્રીશ્રી

---

## લેઉવા પાટીદાર સમાજના બ્રેનડેડ ઘનશ્યામભાઈ કેશવભાઈ અકબરીના પરિવારે
## કિડની, લીવર અને ચક્ષુઓનું દાન કરી
## ત્રણ વ્યક્તિઓને નવું જીવન અને બે વ્યક્તિઓને નવી દ્રષ્ટિ આપી સમાજને નવી દિશા બતાવી.

નામ: ઘનશ્યામભાઈ કેશવભાઈ અકબરી ઉ. વ. ૫૮ બ્લડ ગ્રુપ A -

વ્યવસાય: બોમ્બે માર્કેટ પાસે ગુજરાત હોઉસિંગ બોર્ડમાં રાધે ટેક્ષ નામની દુકાનમાં કાપડનો વ્યવસાય કરતા હતા.

રહેવાસી: ૫૦૨, પહેલો માળ, આવિષ્કાર એપાર્ટમેન્ટ, ઉત્તરાણ, મોટા વરાછા, સુરત.

મૂળ રહેવાસી : ગામ: [illegible], જી. અમરેલી, તા: સાવરકુંડલા

કૌટુંબિક વિગત : પત્ની : શ્રીમતિ વિમળાબેન ઘનશ્યામભાઈ અકબરી ઉ. વ. ૫૬

પુત્રો: ૧. જીતેન્દ્ર ઘનશ્યામભાઈ અકબરી ઉ. વ. ૩૫

વ્યવસાય: બોમ્બે માર્કેટ પાસે ગુજરાત હોઉસિંગ બોર્ડમાં રાધે ટેક્ષ નામની દુકાનમાં કાપડનો વ્યવસાય

૨. જીગ્નેશ ઘનશ્યામભાઈ અકબરી ઉ. વ. ૩૦

વ્યવસાય: બોમ્બે માર્કેટ પાસે ગુજરાત હોઉસિંગ બોર્ડમાં રાધે ટેક્ષ નામની દુકાનમાં કાપડનો વ્યવસાય

<u>બનાવની વિગત:</u>

શનિવારે તા: ૨૯ મી ઓગસ્ટ ૨૦૧૫ ના રોજ સાંજે ૭:૩૦ કલાકે પોતાની રાધે ટેક્ષ દુકાન બોમ્બે માર્કેટ થી વરાછા તેમના ઘરે જતી વખતે હીરાબાગ પેટ્રોલ પંપ પાસે તેમનું ટુ વ્હીલર સ્લીપ થતા નીચે પડી જતા માથામાં ગંભીર ઈજા થઇ હતી. આસપાસ ના રાહદારીઓએ જોતા ઘનશ્યામભાઈના મોબાઈલથી તેમના દીકરા જીગ્નેશને ફોન કરી અકસ્માતની જાણ કરી તેમજ ૧૦૮ ને ફોન કરી તાત્કાલિક નજીકની પી. પી. સવાણી હોસ્પિટલમાં સારવાર

૨...

Nilesh Mandlewala, President, +91 98256 09922
Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031
Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349
Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395.004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation




માટે દાખલ કરવામાં આવ્યા. પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે રવિવાર તા: ૨૮ ઓગષ્ટ ૨૦૧૬ ના રોજ રાતે ૧:૦૦ કલાકે મેપલ હોસ્પિટલમાં ડૉ. અશોક પટેલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા અને સારવાર શરૂ કરવામાં આવી. વધુ નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.
ત્યારબાદ સોમવાર તા: ૨૯ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ ડૉ. અશોક પટેલે ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો.

મંગળવાર તા. ૩૦ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ અને ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ ઘનશ્યામભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલે ડોનેટ લાઈફની ટીમનો ટેલિફોનીક સંપર્ક કરી ઘનશ્યામભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ઘનશ્યામભાઈના બંને પુત્રો જીતેન્દ્ર અને જીતેશ, મોટા ભાઈ નરસિંહભાઈ, નાના ભાઈ ગૌતમભાઈ પત્ની શ્રીમતિ વિમળાબેનને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

ઘનશ્યામભાઈના બંને પુત્રો જીતેન્દ્ર અને જીતેશ, મોટા ભાઈ નરસિંહભાઈ, નાના ભાઈ ગૌતમભાઈ પત્ની શ્રીમતિ વિમળાબેને જણાવ્યું કે "અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે અને તેઓનું શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો."

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા ડોનેટ લાઈફની ટીમે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જયારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકના ડૉ. પ્રફુલ શીરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની વડોદરાના રહેવાસી જય પાલ વિજયસિંહ પવાર ઉ.વ. ૧૯માં અને બીજી કિડની સુરતના અંજન અનીલ મુંગરજી ઉ.વ. ૨૯માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર વડોદરાના રહેવાસી શ્રી રામચરણ પિલ્લાઈ ઉ. વ. ૬૨માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બંને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ.જમાલ રીઝવી, ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં ઘનશ્યામભાઈના પત્ની શ્રીમતિ વિમળાબેન, બંને પુત્રો જીતેન્દ્ર અને જીતેશ, મોટા ભાઈ નરસિંહભાઈ, નાના ભાઈ ગૌતમભાઈ, બાડિયા મહેશ તેમજ પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ, ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, ડૉ. મનોજ સતવાણી ડૉ. ફ્રુદીન, મેપલ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના મંત્રીશ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, નીરવ માંડલેવાલા, સુનાક જોવાણી અને પલવ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૬૩ કિડની, ૫૮ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૬ હૃદય અને ૧૪૦ ચક્ષુઓનો દાન મેળવીને ૩૭૦ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
| --- | --- | --- | --- |
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |


Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961